150 YEARS OF CELEBRATING THE MAHATMA

શેરાક્રમાંક:નં.યનવ-૧/૧૮૩૮-૪૮/૨૦૨૧/ગ
નિયામકશ્રી, આયુષની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફો.નં-૦૭૯-૨૩૨૫૯૭૯૭, ફેક્ષ નં-૦૭૯-૨૩૨૫૩૭૯૫
તા- ૬/૦૯/૨૦૨૧

**વંચાણે લીધો:-** ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૫/૫૯૬/છ, તા-૨૭/૧૨/૨૦૦૫.

ઉપરોક્ત વંચાણે લીધેલ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૫/૫૯૬/છ, તા-૨૭/૧૨/૨૦૦૫ અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૦૨૩ થી રાજ્યની સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ-આયુર્વેદ કોલેજના વિદ્યાર્થીઓને અરસપરસની કોલેજ બદલી આપવા માટેના નિયમો-અનુસરવાની કાર્યપધ્ધતિ નીચે મુજબની રહેશે.

- વિદ્યાર્થીએ પોતાની હાલની કોલેજના આચાર્યને નિયત નમુના-૧ માં અરજી કરવાની રહેશે.
- નિયત નમુનામાં અરજી બીજા અને ત્રીજા પ્રોફેશનલની શરૂઆતમાં યુનિવર્સીટી દ્વારા પરિણામ જાહેર થયા બાદ દિન-૧૫ માં અરજી કરી શકશે. ત્યાર બાદ માન્ય ગણવામાં આવશે નહી.
- સંસ્થા દીઠ/અરજીઓ પૈકીના વિદ્યાર્થીઓની મેરીટ ધ્યાને લઇ બદલી કરવામાં આવશે.
- સબંધિત જે તે વિદ્યાર્થીઓએ રજુ કરેલ બિમારી અંગે રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનર અગર તો સરકારી હોસ્પિટલ અથવા દવાખાનાના સક્ષમ અધિકારીનું તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

નિયામક અને સમિતીના અધ્યક્ષ
આયુષ
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
-આચાર્યશ્રી,
સરકારી આયુર્વેદ કોલેજ અમદાવાદ/ગાંધીનગર(કોલવડ)/ભાવનગર/જુનાગઢ/વડોદરા
-આચાર્યશ્રી,
ગ્રાન્ટ ઇન એઇડ-આયુર્વેદ સુરત